ભરૂચના સ્પેશ્યલ જજ(પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.

પોકસો કેસ નં.૧૦/૨૦૨૬

**<u>આંક–૦૧ નીચે હુકમ</u>**

૧. વિ.એ.પી.પી.શ્રી.ને તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા, વિ.એ.પી.પી.શ્રી એ આંક–૨૧ થી પ્રપોઝ ચાર્જ રજુ કરેલ છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ ઇ.પી.કો. કલમ– કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૩૫૪(એ)(૧)(i), ૩૫૪(એ)(૨), ૩૫૪(ડી)(૧)(i)(ii), ૩૫૪(ડી)(૨), ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪(૨) તથા ૫(એલ) નાં ભંગ બદલ કલમ–૬(૧) તથા કલમ–૯(એલ) ના ભંગ બદલ કલમ–૧૦ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૧૧(iv)ના ભંગ બદલ કલમ–૧૨ તથા ધી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૭(બી) મુજબની કલમોનો ગુનો આરોપી સામે બનતી હોવાનું પ્રપોઝ ચાર્જમાં જણાવે છે અને ચાર્જશીટમાં પણ ઇ.પી.કો. કલમ– કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૩૫૪(એ)(૧)(i), ૩૫૪(એ)(૨), ૩૫૪(ડી)(૧)(i)(ii), ૩૫૪(ડી)(૨), ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪(૨) તથા ૫(એલ) નાં ભંગ બદલ કલમ–૬(૧) તથા કલમ–૯(એલ) ના ભંગ બદલ કલમ–૧૦ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૧૧(iv)ના ભંગ બદલ કલમ–૧૨ તથા ધી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૭(બી) મુજબની કલમોનો ગુનો હોવાનું જણાવે છે અને ચાર્જશીટ, ભોગબનનારનું બી.એન.એસ.એસની કલમ–૧૮૩ મુજબનું નિવેદન અને દસ્તાવેજો ઘ્યાને લઈ પ્રપોઝ ચાર્જ મુજબનું ચાર્જફ્રેમ કરવા વિનંતી કરે છે .

૨. આરોપી તરફે વિ.વકીલશ્રી ઓ.એસ.જાડેજા જણાવે છે કે,"There is no such objection against framing of charge subject to take defense to be taken by the defence at trial."

૩. ઉપરોકત રજુઆત ઘ્યાને લીધી તેમજ ચાર્જશીટ તેમજ તેની સાથેના પેપર્સ, ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન અને રજુ થયેલ દસ્તાવેજી

પુરાવા ધ્યાને લીધા, બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે ભોગબનનાર ધોરણ ૦૭માં હતા અને સ્કુલે જતાં હતા ત્યારે આરોપી જાણતો હતો કે ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં પણ આરોપી ભોગબનનારની પાછળ જતો અને ભોગબનનારને સ્કુલ છુટયા બાદ સ્કુલ નજીક આરોપી મળતો અને આ આરોપી જાતીય ઈરાદાથી ભોગબનનારની પાછળ જતો અને ભોગબનનારને મળતો અને ભોગબનનાર, આરોપી તા.૧૦/૦૩/૨૦૨૬ના પહેલાના ચાર વર્ષથી એકબીજાને ઓળખતા અને આરોપી ભોગબનનારના ફળીયામાં જ રહે છે અને આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાથી મિત્રતા કરેલ અને ભોગબનનારને આરોપી પ્રેમમાં હતા અને આરોપી, ભોગબનનાર બનાવાવાળા સમયે સ્કુલે જતી ત્યારે ભોગબનનારનો આરોપી પીછો કરતા, આરોપી, ભોગબનનારને સતત મળતાં,જોતાં અને આરોપીએ ભોગબનનાર અને પોતાના કીસ વાળા ફોટા પડાવેલ અને આરોપી ભોગબનનારને ધમકી આપતો કે પોતાની જોડે શરીર સંબંધ ન બાંધ્યા તો પછી ફોટા વાઈરલ કરી દઈશ તે રીતે ગુનાહીત ધમકી આપતા અને શિવરાત્રીના દિવસે બનાવવાળી જગ્યાએ આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર સગીર હોવા છતાં જબરજસ્તી કરેલી અને ધુળેટીના દિવસે પણ આરોપીએ ભોગબનનારને ધમકી આપી બોલાવતો હતો અને તે રીતે ગુનાહીત ધમકી આપતો અને આરોપીના મમ્મી પણ ઘરે હતા તો પણ ભોગબનનારને આરોપી ધમકી આપતો હતો અને આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર સગીર હોવા છતાં સને ૨૦૨૨ થી ભોગબનનાર સાથે સતત સંપર્કમાં રહી તેનો પીછો કરેલ અને ભોગબનનાર સગીર હોવા છતાં ભોગબનનાર સાથે બળાત્કાર કરવાના ઈરાદે આરોપી ભોગબનનારનું ભોગબનનારના વાલીના કાયદેસર વાલીપણામાંથી વાલીની સંમતી વગર અપહરણ કરીને તે રીતે ભોગબનનારને તે સંમતી આપવા સક્ષમ ન હોવા છતાં ભોગબનનારને આરોપી, આરોપીના ભાઈબંધના ત્યાં લઈ ગયેલ અને ત્યાં આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ, બળાત્કાર કરેલ, પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ત્યારપછી બનાવવાળા સમયે આરોપી ભોગબનનારને તેના કાયદેસરના વાલીની સંમતી વગર વાલીપણામાંથી પોતાના ઘરે લઈ ગયેલ અને તે રીતે અપહરણ કરી લઈ ગયેલ અને ત્યાં આરોપીએ ભોગબનનાર ઉપર બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને આરોપીએ ભોગબનનાર સાથે બે વાર શારીરીક સંબંધ બાંધેલ અને તે રીતે ભોગબનનાર ઉપર બળાત્કાર,પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગબનનારની મરજી વિરૂધ્ધ કીસ વાળા ફોટો વાયરલ કરી દેવાની આરોપી ધમકી આપતો હતો અને તે રીતે ગુનાહીત ધમકી

આરોપી ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધી બળાત્કાર કરતો, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરતો અને આરોપીએ છેલ્લી વાર જે શરીરસંબંધ ભોગબનનાર સાથે બાંધેલ અને બળાત્કાર,પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ તે શીવરાત્રીના દિવસે કરેલ અને આરોપી ભોગબનનાર સાથે જાતીય ઈરાદાથી ઈન્સ્ટાગ્રામ ઉપર વાત કરતો અને તે રીતે ઈલેકટ્રોનીક રીતે પણ આરોપી ભોગબનનારને સતત સંપર્ક કરતો અને સતત રૂબરૂ પણ મળતો અને જાતીય સતામણી કરતો અને આરોપી ભોગબનનારને લલચાવીને ભોગબનનારના કીસવાળા ફોટા પાડેલ અને તે રીતે આરોપીએ ભોગબનનાર સાથે અસલીલ ફોટા પાડેલ અને આરોપી તે રીતે ફોટા પાડવા માટે ભોગબનનાર સાથે એક કરતાં વધારે વાર કીસ કરેલ તથા ભોગબનનારને સ્પર્શ કરેલ અને તે રીતે ભોગબનનારનો પ્રત્યક્ષ સંપર્ક કરેલ અને તે જાતીય ઈરાદાથી કરેલ અને તે એક કરતાં વધારે વાર ભોગબનનાર સાથે કરેલ તે રીતે આરોપીએ ભોગબનનાર સાથે જાતીય હુમલો અને ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો પણ કરેલ અને આ ઉપરોકત તમામ ગુનાહીત કૃત્ય આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર ધોરણ ૭ માં ભણતી હતી ત્યારથી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળામાં ઉપરોકત ગુનાહીત કૃત્ય કરેલ અને તે રીતે આરોપીએ ઈ.પી.કો. કલમ–363,366,376(2)(j)(n),376(3), 354(A)(1)(i) ના ભંગ બદલ કલમ–354(A)(2), 354(D)(1)(i)(ii) ના ભંગ બદલ કલમ–354(D)(2), 506 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ– 3(a) ના ભંગ બદલ 4(2), 5(l)ના ભંગ બદલ 6(1),7 ના ભંગ બદલ કલમ–8, 9(l) ના ભંગ બદલ કલમ–10, 11(4)(6) ના ભંગ બદલ કલમ–12 તેમજ ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ- 67(B) મુજબનું તહોમતનામું આરોપી સામે ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે તે રીતે ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૬ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૬/૦૭/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)